| ભાગ | વિષય | અનુચ્છેદ (કલમ) |
|---|---|---|
| 1. | સંઘ અને રાજ્યક્ષેત્ર | **૧ થી ૪** |
| 2. | નાગરિક્તા | **૫ થી ૧૧** |
| 3. | મૂળભૂત હક્કો (અધિકારો) | **૧૨ થી ૩૫** |
| 4. | રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાતો | **૩૬ થી ૫૧** |
| **4 (A)** | મૂળભૂત ફરજો | **૫૧ (A) અથવા 51 (ક)** |
| 5. | કેન્દ્ર (સંઘ) | **૫૨ થી ૧૫૧** |
| 6. | રાજ્યો | **૧૫૨ થી ૨૩૭** |
| 7. | ૭મો બંધારણીય સુધારા,1956 દ્વારા રદ્દ | **૨૩૮** |
| 8. | કેન્દ્ર શાસિત પ્રદેશો | **૨૩૯ થી ૨૪૨** |
| 9. | પંચાયતો | **૨૪૩ થી ૨૪૩ (O)** |
| **9 (A)** | શહેર સુધારાઈઓ (નગરપાલિકાઓ) | **૨૪૩ (P) થી ૨૪૩ (Z(G))** |
| **9 (B)** | સહકારી મંડળીઓ(સહકારી સમિતિઓ) | **૨૪૩ (Z(H)થી ૨૪૩ (Z(T))** |
| 10. | અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો | **૨૪૪, ૨૪૪ (A)** |
| 11. | કેન્દ્ર (સંઘ) –રાજ્યો વચ્ચેના સંબંધો | **૨૪૫ થી ૨૬૩** |
| 12. | નાણાંકીય વ્યવહારો,મિલ્કત,કરારો અને દાવાઓ | **૨૬૪ થી ૩૦૦(A)** |
| 13. | વેપાર– વાણિજ્ય અને દેશમાં વેપાર સંબંધી જોગવાઈ | **૩૦૧ થી ૩૦૭** |
| 14. | કેન્દ્ર રાજ્ય અંતર્ગતની સેવાઓ | **૩૦૮ થી ૩૨૩** |
| **14 (અ)** | ટ્રિબ્યુનલો | **૩૨૩ (A) થી ૩૨૩(B)** |
| 15. | ચૂંટણીઓ | **૩૨૪ થી ૩૨૯ (A)** |
| 16. | અમુક વર્ગો માટેની વિશેષ જોગવાઈઓ | **૩૩૦ થી ૩૪૨** |
| 17. | સત્તાવાર/રાજભાષા | **૩૪૩ થી ૩૫૧** |
| 18. | કટોકટી અંગેની જોગવાઈઓ | **૩૫૨ થી ૩૬૦** |
| 19. | અન્ય ગૌણ બાબતો (**પ્રકીર્ણ**) | **૩૬૧ થી ૩૬૭** |
| 20. | બંધારણ સુધારણા પ્રક્રિયા (સંશોધન) | **૩૬૮** |
| 21. | કામચલાઉ, વચગાળાની અને ટૂંકાગાળાની ખાસ જોગવાઈઓ | **૩૬૯ થી ૩૯૨** |
| 22. | ટૂંકી સંજ્ઞા, હિન્દીના કેટલાક પરિભાષિક શબ્દો | **૩૯૩ થી ૩૯૫** |

* ૪૨મા બંધારણીય સુધારા,૧૯૭૬ દ્વારા ભાગ ૪(ક) અને ભાગ ૧૪(અ) સમાવવામાં આવ્યાં.
* ૭૪મા બંધારણીય સુધારા, ૧૯૯૨ દ્વારા ભાગ ૯(ક)નો ઉમેરો થયો.
* ૯૭માં બંધારણીય સુધારા,૨૦૧૧ દ્વારા ભાગ ૯(ખ)નો ઉમેરો થયો.

*જ્યારે બંધારણનો ભાગ–૭, સાતમા બંધારણીય સુધારા, ૧૯૫૬ દ્વારા રદ્દ કરવામાં આવ્યો. આમ પેટાભાગો સહિત હાલ કુલ ૨૫ ભાગો છે. પરંતુ મૂળ ભાગો તો હજી પણ ૨૨ જ છે.

Anamika Academy!

# અનુસૂચિઓ / પરિશિષ્ટો

| ક્રમ | વિષય | સંકળાયેલ અનુચ્છેદ |
|---|---|---|
| 1. | રાજ્યવાર માહિતી | ૧ થી ૪ |
| 2. | રાષ્ટ્રપતિ રાજ્યપાલ વગેરે અંગે જોગવાઈઓ | ૫૯.૬૫.૭૫.૯૭.૧૨૫.૧૪૮.૧૬૪.૧૮૬.૨૨૧ |
| 3. | શપથ ના નમૂનાઓ | ૭૫,૮૪, ૯૯,૧૮૮,૨૧૯,૧૨૪(6),૧૩૬(3) |
| 4. | રાજ્યસભાની સીટોની વહેંચણી | ૪(1),૮૦(2) |
| 5. | અનુસૂચિત જનજાતિના વિસ્તારો | ૨૪૪ |
| 6. | આસામ,મેઘાલય,ત્રિપુરા,મિઝોરમ વગેરે રાજ્યો બાબતે વિશેષ જોગવાઈઓ | ૨૪૪, ૨૭૫ |
| 7. | કેન્દ્રયાદી ; રાજ્ય યાદી ; સંયુક્ત યાદી | ૨૪૬ |
| 8. | બંધારણ માન્ય ભાષાઓ | ૩૪૪, ૩૫૧ |
| 9. | જમીન વહેંચણી બાબતમાં કેટલાક કાયદાઓ<br>**પ્રથમ બંધારણીય સુધારો ૧૯૫૧** | ૩૧ (B) |
| 10. | પક્ષપલટા વિરોધી જોગવાઈઓ<br>**52મો બંધારણીય સુધારો 1985 પક્ષપલટા** | ૧૦૨ (2) / ૧૯૧(2) |
| 11. | પંચાયતી રાજથી સંબંધિત<br>**73મો બંધારણીય સુધારો, 1992 પંચાયતી રાજથી સંબંધિત છે** | ૨૪૩ થી ૨૪૩ (O) |
| 12. | શહેર સુધરાઈ<br>**74મો બંધારણીય સુધારો 1992 નગરપાલિકાઓથી સંબંધિત છે** | ૨૪૩ (P) થી ૨૪૩ (ZG) |



Anamika Academy

## મહત્વના બંધારણીય સુધારાઓ

- **પ્રથમ બંધારણીય સુધારો :– ૧૯૫૧**
  તેમાં કલમ નં – ૧૫, ૧૯, ૮૫, ૮૭, ૧૭૪, ૧૭૬, ૩૪૨, વગેરેમાં ફેરફાર કરવામાં આવ્યા.
  - કલમ 31 A અને 31 B ઊમેરવામાં આવ્યું.
  - અનુસૂચી–9 ઊમેરવામાં આવી
- **7મો બંધારણીય સુધારો :– 1956**
  - ભાગ 8ની કેટલીક કલમોમાં સુધારા
  - ન્યાયમૂતિ ફઝલ અલીપંચ અનુસાર ભાષાવાર રાજ્યોની રચના
  - અને A,B,C,D પ્રકારના રાજ્યોનો અંત.
  - ભાગ ૭ રદ્દ કરવામાં આવ્યો.
- **10મો બંધારણીય સુધારો 1961**
  - અનુસૂચી – 1 અને કલમ 240માં ફેરફાર કરી દાદરા નગરહવેલી અને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાહેર કર્યો.
- **12મો બંધારણીય સુધારો – 1961**
  - અનુસૂચી–1 અને કલમ 240માં ફેરફારા કરી ગોવા, દમણ અને દીવને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે સામેલ.
- **14મો બંધારણીય સુધારો – 1962**
  - કલમ 81 અને 240માં સુધારો 1 અને 4 અનુસૂચીમાં સુધારા
  - પુડુચેરી કેન્દ્રશાસિત જાહેર
- **21મો બંધારણીય સુધારો –1967**
  - બંધારણની 8મી અનુસૂચીમાં સિંધી ભાષાને ઉમેરવામાં આવી.
- **26મો બંધારણીય સુધારો – 1971**
  - રાજાઓને અપાતા સાલિયાણા અને વિશેષાધિકારો સમાપ્ત
  - અનુ. 366માં સુધારો, 363A ઊમેરાઈ
- **36મો બંધારણીય સુધારો–1975**
  - સિક્કીમનો ભારતીય સાંઘમાં પ્રથમ અનુસૂચિમાં સમાવેશ.
- **40મો બંધારણીય સુધારો – 1976**
  - અનુસૂચી (9) આર્ટીકલ 297માં ફેરફાર કરી જમીન બાબતમાં કાયદાઓમાં સુધારા.
- **42મો બંધારણીય સુધારો – 1976**
  - (**મીની કોન્ટટીટ્યુશન**) (**લઘુ બંધારણ**)
  - બંધારણના ભાગ – 4 (A) મુળભૂત ફરજો રશિયાના બંધારણમાંથી લઈ ઊમેરવામાં આવી અને અનુસૂચી 7માં ફેરફાર.
  - ભાગ – 14 A ન્યાયીક સમિતિઓ ઊમેરવામાં આવી.
  - આમુખમાં સમાજવાદી, ધર્મનિરપેક્ષ અને અખંડિતતા શબ્દો જોડવામાં આવ્યા.
- **52મો બંધારણીય સુધારો – 1985**
  - 10મી અનુસૂચિમાં પક્ષપલટા વિરોધી જોગવાઈ ઊમેરવામાં આવી.

Anamika Academy

- **53મો બંધારણીય સુધારો – 1986**
  - કલમ 371 G મુજબ મીર્ઝોરમ રાજ્ય માટે વિશેષ જોગવાઈઓ.
- **55મો બંધારણીય સુધારો – 1987**
  - કલમ 371 H અરુણાચલ પ્રદેશ માટે વિશેષ જોગવાઈઓ
- **56મો બંધારણીય સુધારો – 1987**
  - કલમ 371 I મુજબ ગોવા ભારતનું 26મું રાજ્ય ઘોષીત થયું
- **58મો બંધારણીય સુધારો – 1987**
  - ભાગ 22માં સુધારા કરી ભવિષ્યના તમામ સુધારાઓ હિન્દીમાં ઉપલબ્ધ કરાવવા
- **61મો બંધારણીય સુધારો– 1989**
  - મતાધિકાર માટેની વયમર્યાદા ૨૧થી ઘટાડી ૧૮ કરવામાં આવી.
- **65મો બંધારણીય સુધારો – 1990**
  - કલમ 338માં ફરિહાર કરી SC અને ST રાષ્ટ્રીય આયોગની રચના
- **69મો બંધારણીય સુધારો – 1992**
  - કલમ 239 AA અને 239 AB ઊમેરવામાં આવી અને દિલ્હીને રાજધાની ક્ષેત્ર તરીકે જાહેર કરી.
- **70મો બંધારણીય સુધારો – (21, dec. 1991)**
  - બંધારણીય કલમ 54 અને 239 (AA)માં સુધારો કરી દિલ્હી અને પુડુચેરી રાજ્યપાલની ચૂટણીમાં ભાગ લઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવી.
- **71મો બંધારણીય સુધારો – (1992)**
  - 8મી અનુસૂચીમાં ફેરફાર કરી કોંકણી, મણીપુરી, નેપાલી ભાષાઓ ઉમેરવામાં આવી.
- **73મો બંધારણીય સુધારો – (24 Apr 1992) ( પંચાયતી રાજદિવસ)**
  - ત્રિસ્તરીય પંચાયતી સ્તરનું માળખું, 29 વિષયો અને અનુષાંગિક કલમો 243 (O) સુધી ઊમેરવામાં આવી
  - ભાગ 9 અને અનુસૂચિ 11નો ઊમેરો.
- **74મો બંધારણીય સુધારો – (1 જૂન 1992 સ્થાનિક સ્વરાજ્ય અને શહેર સુધારાઈ દિન)**
  - બંધારણીય ભાગ 9 A, અનુસૂચી 12મી, 18 વિષયો સહિત, શહેર સુધારાઈ બાબતની જોગવાઈઓ કલમ 243 (p) થી 243 (ZG) ઊમેરવામાં આવી
- **80મો બંધારણીય સુધારો – 1994**
  - અનુસૂચી – 9માં ફેરફાર કરી તમિલનાડુમાં 69% આરક્ષણ ઘોષિત કરવામાં આવ્યું.
- **81મો બંધારણીય સુધારો– 2000**
  - બેકલોગ અંગેની જોગવાઇ, અનુ.૧૬ની જોગવાઈ મુજબ જે તે વર્ષમાં અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના ખાલી પડેલા પદ પર જે અનામત છે તે આગામી વર્ષ અનામત તરીકે જ ગણવામાં આવે.
- **83મો બંધારણીય સુધારો– 2000**
  - કલમ 234માં પંચાયતી રાજના આરક્ષણ બાબતે અરુણાચલ પ્રદેશને મુક્તિ

Anamika Academy

- **84મો બંધારણીય સુધારો – 2002**
  - કલમ, 55, 81, 82, 170, 330, 332માં ફેરફાર કરી 2026 સુધી લોકસભા/વિધાનસભા વગેરે ની સીટો 1971ની વસ્તી ગણતરી પ્રમાણે નિશ્ચિત કરી દેવામાં આવી.
- **86મો બંધારણીય સુધારો 2002**
  - કલમ 45 Aમાં સુધારો કર્યો, અને (કલમ 21A) (ગુ 218) ઊમેરવામાં આવી અને બંધારણના ભાગ 3માં મૂળભૂત અધિકારોમાં શિક્ષાનો અધિકાર ઉમેરવામાં આવ્યો. જેમાં 6 થી 14 વર્ષના બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણનો ઉમેરો.
- **89મો બંધારણીય સુધારો 2003**
  - અનુ. ૩૩૮ અંતર્ગત અનુસૂચિત જાતિઓના સંયુક્ત આયોગને અલગ પાડી બંધારણમાં અનુ.૩૩૮(ક) જોડી અનુ. જનજાતિઓ માટે આદિજાતિ આયોગ ની રચના
- **90મો બંધારણીય સુધારો–2003**
  - આસામના બોડો (જનજાતી) આદિવાસીની અનામત બેઠકો
- **91મો બંધારણીય સુધારો–2003**
  - મંત્રીપરિષદનો આકાર લોકસભા અને વિધાનસભાની કુલ સંખ્યાનો વધુમાં વધુ ૧૫% સુધી જ મર્યાદિત કરી દેવામાં આવ્યો. આ માટે અનુ. ૭૫ અને અનુ.૧૬૪માં સુધારા કરવામાં આવ્યા.
- **92મો બંધારણીય સુધારો – 2004**
  - 8મી અનુસૂચી ફેરફાર કરી બોડો, ડોંગરી, સંથાલી, મૈથિલી માન્ય ભાષાઓ તરીકે ઘોષિત.(કુલ ૨૨ થઈ)
- **93મો બંધારણીય સુધારો – 2006**
  - અનુ. 15માં ફેરફાર કરી OBC માટે 27% અનામત જાહેર
- **94મો બંધારણીય સુધારો – 2006**
  - કલમ 164માં ફેરફાર કરી ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા રાજ્યોમા આદીવાસી કલ્યાણ માટે વિશેષ જોગવાઈ
- **96મો બંધારણીય સુધારો – 2011**
  - 8મી અનુસૂચી ફેરફાર કરી "ઓરિયા' બદલે 'ઊડિયા' અને ઓરિસ્સાના બદલે "ઊડિશા"
- **97મો બંધારણીય સુધારો – 2012**
  - ભાગ 9 Bમાં ફેરફાર કરી સહકારી મંડળીઓમાં કેટલીક જોગવાઈ ઊમેરાઈ.
- **98મો બંધારણીય સુધારો – 2013**
  - કલમ 371 ઊમેરી કર્ણાટકમાં ટુંકાગાળાની વિશેષ જોગવાઈઓ ઊમેરવામાં આવી
- **100મો બંધારણીય સુધારો – 1 Aug 2015**
  - 1 અનુસૂચિમાં ફેરફાર કરી બાંગ્લાદેશ સાથે જમીન સરહદ બાબતે L B A (Land Boundary Agreement) જમીન સરહદ કરાર
- **101મો બંધારણીય સુધારો – (8 Sept 2016)**
  - કલમ 264 થી 286 અને 366, 368 6 અનુસૂચી, 7મી અનુસૂચીમાં ફેરફાર, 268 A કલમને નાબુદ કરી Goods and services Tax (GST) bill પસાર કરવામાં આવ્યું.

Anamika Academy

## બંધારણના મહત્વના અનુચ્છેદો/કલમો

- **અનુચ્છેદ ૧:–** સંઘનું નામ અને તેનું રાજ્યક્ષેત્ર
- **અનુચ્છેદ ૨:–** નવાં રાજ્યો દાખલ કરવા અને તેમની સ્થાપના કરવા બાબત
- **અનુચ્છેદ ૬:–** ભારતમાં સ્થળાંતર કરી આવેલી કેટલીક વ્યક્તિઓની નાગરિકતા

### સમાનતાનો અધિકાર

- **અનુચ્છેદ ૧૪:–** કાયદા સમક્ષ સમાનતા
- **અનુચ્છેદ ૧૫:–** ધર્મ, જાતિ,લિંગ, જન્મસ્થાન વગેરેના ભેદભાવનો નિષેધ
- **અનુચ્છેદ ૧૬:–** જાહેર નોકરીની બબતોમાં તકની સમાનતા
- **અનુચ્છેદ ૧૭:–** અસ્પૃષ્યતા નાબુદી
- **અનુચ્છેદ ૧૮:–** ખિતાબોની નાબુદી

### સ્વાતંત્ર્યનો અધિકાર

- **અનુચ્છેદ ૧૯:–** વાણીસ્વાતંત્ર્ય વગેરે સંબંધિત કેટલાક અધિકારો
- **અનુચ્છેદ ૨૦:–** ગુના માટે દોષિત ઠરાવવા અંગે રક્ષણ
- **અનુચ્છેદ ૨૧:–** જીવન રક્ષણનો અધિકાર
- **અનુચ્છેદ ૨૧(ક):–** ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર
- **અનુચ્છેદ ૨૨**:– ધરપકડ સામે રક્ષણ અને આગોતરા જામીન

### શોષણ સામેનો અધિકાર

- **અનુચ્છેદ ૨૩:–** મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજુરી ઉપરનો પ્રતિબંધ
- **અનુચ્છેદ ૨૪**:– ૧૪ વર્ષથી નીચેના બાળકો માટે બાળમજૂરી પર પ્રતિબંધ

### ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર

- **અનુચ્છેદ ૨૫**:– અંતઃકરણ મુજબનો ધર્મ માનવાનો અને પાળવાનો અધિકાર
- **અનુચ્છેદ ૨૬:–** ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય
- **અનુચ્છેદ ૨૭:–** કોઈ ખાસ ધર્મની અભિવૃદ્ધિ માટે ભરવાના કર અંગે સ્વતંત્રતા
- **અનુચ્છેદ ૨૮**:– અમુક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અંગે સ્વતંત્રતા

### સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો

- **અનુચ્છેદ ૨૯**:– લઘુમતિઓના હિતોનું રક્ષણ
- **અનુચ્છેદ ૩૦**:–શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો લઘુમતીઓનો અધિકાર

### બંધારણીય ઇલાજો/ઉપચારોનો અધિકાર

- **અનુચ્છેદ ૩૨**:– મૂળભૂત અધિકારોનો અમલ કરાવવા બાબતની ૫ રિટો(આજ્ઞાપત્રો)

### રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભાગ–૪

- **અનુચ્છેદ ૩૮**:– લોક–કલ્યાણની વૃદ્ધિ માટે રાજ્ય યોગ્ય સામજિક વ્યવસ્થાનું સર્જન કરશે.
- **અનુચ્છેદ ૩૯(ક)**:– સમાન ન્યાય અને મફત કાનૂની સહાય
- **અનુચ્છેદ ૪૦:–** ગ્રામપંચાયતોની રચના
- **અનુચ્છેદ ૪૧:–**કામ, શિક્ષણ અને અમુક પ્રસંગે જાહેર સહાય મેળવવાનો અધિકાર (કામ મેળવવાના અધિકારનો સમાવેશ આ અનુચ્છેદ અંતર્ગત થાય છે.
- **અનુચ્છેદ ૪૪:–** નાગરિકો માટે એક સરખો દીવાની કાયદો (**કોમન સિવિલ કોડ**)
- **અનુચ્છેદ ૪૫:–** ૬ વર્ષથી ઓછી વયના બાળકોની સંભાળ અને શિક્ષણની જોગવાઇ
- **અનુચ્છેદ ૪૭:–** માદક પીણાં અને હાનિકારક પદાર્થો પર પ્રતિબંધ(દારૂબંધીની જોગવાઇ)

Anamika Academy

- **અનુચ્છેદ ૪૮:–** ખેતી અને પશુપાલનની વ્યવસ્થા(ગૌ–હત્યા પર પ્રતિબંધની જોગવાઇ)
- **અનુચ્છેદ ૪૮(ક):–** પર્યાવરણ, જંગલો, વન્ય પશુપક્ષીઓના રક્ષણ બાબત
- **અનુચ્છેદ ૪૯:–** ઐતિહાસિક તથા રાષ્ટ્રીય મહત્વના સ્મારકો,સ્થળો અને વસ્તુઓનું રક્ષણ.
- **અનુચ્છેદ ૫૧:–** આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતિની અભિવૃદ્ધિ

**ભાગ ૪ (ક) મૂળભૂત ફરજો**

- **અનુચ્છેદ ૫૧(ક):–** મૂળભૂત ફરજો

**ભાગ–૫ સંઘ /કેન્દ્રની વહીવટી વ્યવસ્થા**

- **અનુચ્છેદ ૫૨:–** રાષ્ટ્રપતિ
- **અનુચ્છેદ ૬૧:–** રાષ્ટ્રપતિ પરના મહાભિયોગની પ્રક્રિયા
- **અનુચ્છેદ ૬૩:–** ભારતના ઉપરાષ્ટ્રપતિ
- **અનુચ્છેદ ૬૪:–** ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ
- **અનુચ્છેદ ૭૪:–** વડાપ્રધાન અને મંત્રીમંડળ
- **અનુચ્છેદ ૭૬:–** એટર્ની જનરલ
- **અનુચ્છેદ ૭૮:–** રાષ્ટ્રપતિને માહિતી પુરી પાડવાની વડપ્રધાનની ફરજો
- **અનુચ્છેદ ૭૯:–** સંસદની રચના
- **અનુચ્છેદ ૮૦:–** રાજ્યસભાની રચના
- **અનુચ્છેદ ૮૧:–** લોકસભા
- **અનુચ્છેદ ૮૭:–** રાષ્ટ્રપતિનું ખાસ સંબોધન
- **અનુચ્છેદ ૯૩:–** લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ
- **અનુચ્છેદ ૯૮:–** સંસદનું સચિવાલય
- **અનુચ્છેદ ૧૦૭:–** સામાન્ય વિધેયક
- **અનુચ્છેદ ૧૧૦:–** નાણાં વિધેયક
- **અનુચ્છેદ ૧૧૨:–** વાર્ષિક નાણાંકીય પત્રક(બજેટ)
- **અનુચ્છેદ ૧૧૪:–** વિનિયોગ વિધેયકો
- **અનુચ્છેદ ૧૧૭:–** નાણાંકીય વિધેયકોને લગતી ખાસ જોગવાઈઓ
- **અનુચ્છેદ ૧૨૨:–** સંસદની કાર્યવાહી અંગે ન્યાયાલયો તપાસ કરી શકશે નહીં.
- **અનુચ્છેદ ૧૨૩:–** સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે વટહુકમો બહાર પાડવાની રાષ્ટ્રપતિની સત્તા
- **અનુચ્છેદ ૧૨૪:–** સર્વોચ્ચ અદાલત (સુપ્રિમ કોર્ટ)ની સ્થાપના અને રચના
- **અનુચ્છેદ ૧૨૯:–** સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત(કોર્ટ ઓફ રેકર્ડ્સ) રહેશે.
- **અનુચ્છેદ ૧૪૩:–** સર્વોચ્ચ અદાલત સાથે વિચારવિનિમય કરવાની રાષ્ટ્રપતિની સત્તા
- **અનુચ્છેદ ૧૪૮:–** નિયંત્રક અને મહાલેખા પરીક્ષક(CAG)
- **અનુચ્છેદ ૧૫૧:–** રાષ્ટ્રપતિ સમક્ષ CAG દ્વારા રજુ થતો ઑડિટ રિપોર્ટ

**ભાગ–૬ રાજ્યોની વહીવટી વ્યવસ્થા**

- **અનુચ્છેદ ૧૫૩:–** રાજ્યપાલ
- **અનુચ્છેદ ૧૫૫:–** રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યપાલોની નિમણૂક
- **અનુચ્છેદ ૧૫૭:–** રાજ્યપાલની લાયકાતો
- **અનુચ્છેદ ૧૬૩:–** રાજ્યના મુખ્ય મંત્રી અને મંત્રીમંડળ
- **અનુચ્છેદ ૧૬૫:–** રાજ્યના એડવોકેટ જનરલ

Anamika Academy

- **અનુચ્છેદ ૧૭૦:–** રાજ્યોની વિધાનસભા
- **અનુચ્છેદ ૧૭૧:–** રાજ્યોની વિધાનપરિષદ
- **અનુચ્છેદ ૧૭૬:–** રાજ્યપાલનું ખાસ સંબોધન
- **અનુચ્છેદ ૧૭૮:–** વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ
- **અનુચ્છેદ ૧૮૨:–** વિધાનપરિષદના સભાપતિ અને ઉપસભાપતિ
- **અનુચ્છેદ ૧૯૯:–** રાજ્યોની વિધાનસભામાં નાણાં વિધેયક
- **અનુચ્છેદ ૨૦૨:–** રાજ્યોની વિધાનસભામાં વાર્ષિક નાણાંકીય નિવેદન(બજેટ)
- **અનુચ્છેદ ૨૦૪:–** રાજ્યોની વિધાંસભામાં વિનિયોગ ખરડો
- **અનુચ્છેદ ૨૧૩:–** ગૃહની બેઠક ચાલુ ન હોય ત્યારે વટહુકમ બહાર પાડવાની રાજ્યપાલની સત્તા
- **અનુચ્છેદ ૨૧૪:–** રાજ્યો માટે વડી અદાલત
- **અનુચ્છેદ ૨૧૫:–** વડી અદાલત નઝીરી અદાલત (court of records)
- **અનુચ્છેદ ૨૨૬:–** અમુક રીટ બહાર પાડવાની વડી અદાલતની સત્તા
- **અનુચ્છેદ ૨૨૮:–** સર્વોચ્ચ અદાલતને અમુક કેસો તબદીલ કરવા બાબત
- **અનુચ્છેદ ૨૩૩:–** જિલ્લા ન્યાયધીશોની નિમણૂક

**ભાગ–૮ કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ**

- **અનુચ્છેદ ૨૩૯:–** કેન્દ્ર શાસિત પ્રદેશો માટે વહીવટી વ્યવસ્થા
- **અનુચ્છેદ ૨૩૯(ક(ક)):–** દિલ્હી અંગે ખાસ જોગવાઈઓ
- **અનુચ્છેદ ૨૩૯(ખ):–** વિધાનમંડળની બેઠકો ચાલુ ન હોય ત્યારે વટહુકમો પ્રસિદ્ધ કરવાની વહીવટકર્તાની સત્તા
- **અનુચ્છેદ ૨૪૧:–** કેન્દ્ર શાસિત પ્રદેશો માટેની વડી અદાલતો

**ભાગ–૯ પંચાયતો**

- **અનુચ્છેદ ૨૪૩(A):–** ગ્રામસભા
- **અનુચ્છેદ ૨૪૩(B):-** પંચાયતોનું બંધારણ
- **અનુચ્છેદ ૨૪૩(G):-** પંચાયતોની સત્તા, અધિકાર અને જવાબદારીઓ
- **અનુચ્છેદ ૨૪૩(I):-** પંચાયતો માટેનું નાણાંપંચ
- **અનુચ્છેદ ૨૪૩(J):-** પંચાયતોના હિસાબોનું ઑડિટ
- **અનુચ્છેદ ૨૪૩(K):-** પંચાયતોની ચૂંટણીઓ

**ભાગ–૯(ક) નગરપાલિકાઓ**

- **અનુચ્છેદ ૨૪૩(Q):-** નગરપાલિકાઓનું બંધારણ
- **અનુચ્છેદ ૨૪૩(W):-** નગરપાલિકાઓની સત્તા, અધિકાર અને જવાબદારીઓ
- **અનુચ્છેદ ૨૪૩(Y):-** નાણાંપંચ
- **અનુચ્છેદ ૨૪૩(Z):-** નગરપાલિકાના હિસાબોનું ઑડિટ
- **અનુચ્છેદ ૨૪૩(ZA):-** નગરપાલિકાઓની ચૂંટણીઓ

**ભાગ–૯(ખ) સહકારી સમિતિઓ**

- **અનુચ્છેદ ૨૪૩(ZI):-** સહકારી સમિતિઓની સ્થાપના
- **અનુચ્છેદ ૨૪૩(ZK):-** સહકારી સમિતિઓના સભ્યોની ચૂંટણી
- **અનુચ્છેદ ૨૪૩(ZM):-**સહકારી સમિતિઓના હિસાબોનું ઑડિટ

Anamika Academy

### અન્ય ભાગોમાંથી મહત્વની કલમો/અનુચ્છેદો

- **અનુચ્છેદ ૨૪૪:–** અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોનો વહીવટ
- **અનુચ્છેદ ૨૬૩:–** આંતરરાજ્ય પરિષદ અંગેની જોગવાઈઓ
- **અનુચ્છેદ ૨૬૬:–** સંચિત નિધિ
- **અનુચ્છેદ ૨૬૭:–**આકસ્મિક નિધિ
- **અનુચ્છેદ ૨૮૦:–** નાણાંપંચ
- **અનુચ્છેદ ૩૦૦(A):–** કાયદાથી આપેલાં અધિકાર સિવાય વ્યક્તિઓની મિલકત ન છીનવી લેવા બાબત
- **અનુચ્છેદ ૩૧૫:–**કેન્દ્ર અને રાજ્યોના જાહેર સેવા આયોગ
- **અનુચ્છેદ ૩૨૩(A):–**વહીવટી ટ્રિબ્યુનલો
- **અનુચ્છેદ ૩૨૪:–** ચૂંટણીપંચ
- **અનુચ્છેદ ૩૩૦:–** લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવા બાબત
- **અનુચ્છેદ ૩૩૧:–** લોકસભામાં એંગ્લો ઈન્ડિયન કોમનું નેતૃત્વ
- **અનુચ્છેદ ૩૪૧:–** અનુસૂચિત જાતિઓ
- **અનુચ્છેદ ૩૪૨:–**અનુસૂચિત આદિજાતિઓ
- **અનુચ્છેદ ૩૪૩:–**સંઘની રાજભાષા
- **અનુચ્છેદ ૩૫૨:–** રાષ્ટ્રીય કટોકટી
- **અનુચ્છેદ ૩૫૬:–** બંધારણીય કટોકટી(રાષ્ટ્રપતિ શાસન)
- **અનુચ્છેદ ૩૬૦:–**નાણાંકીય કટોકટી
- **અનુચ્છેદ ૩૬૮:–**બંધારણ સુધારણા(સંશોધન) પ્રક્રિયા
- **અનુચ્છેદ ૩૭૦:–** જમ્મુ કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો
- **અનુચ્છેદ ૩૭૧:–** ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય અંગે ખાસ જોગવાઈઓ

---

## ગેરબંધારણીય સંસ્થાઓ

### નીતિપંચ

- **નીતિપંચ :– (National Institution for Transforming India – NITI) :-**

- **1 જાન્યુઆરી, 2015**ના રોજ કેન્દ્ર સરકારે આયોજનપંચને “નીતિપંચ”માં ફેરવી દીધું છે.

**નીતિપંચનું માળખું :–**

- **અધ્યક્ષ :– હોદ્દાની રૂએ ભારતના વડાપ્રધાન**
- **ઉપાધ્યક્ષ :–** નીતિપંચના સૌ પ્રથમ ઉપાધ્યક્ષ અરવિંદ પનગઢિયા છે.
- **અન્ય સભ્યો : પાંચ** સ્થાયી **અને બે** અસ્થાયી **સભ્યો તથા ચાર** કેન્દ્રીય કેબિનેટના મંત્રીઓ હોદ્દાની રૂએ સભ્ય**.**
- **મુખ્યત્વે ત્રણ વિભાગ હશે.** પહેલા વિભાગની સ્થાપના **“આંતર–રાજ્ય પરિષદ (ઈન્ટર સ્ટેટ કાઉન્સિલ)**ના આધારે જેમાં બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્યપાલ, ઉપરાજ્યપાલ, વહીવટદાર તથા મુખ્યમંત્રીઓ સામેલ.
- બીજો વિભાગ લાંબાગાળાની યોજના બનાવવાનું અને તેના અમલીકરણનું કામ કરશે, જ્યારે તેનો ત્રીજો વિભાગ ડાયરેક્ટર બેનિફિટ અને UIDAIને ભેગો કરી બનાવવામાં આવશે.

Anamika Academy

- **રાષ્ટ્રીય વિકાસ પરિષદ:**
- **સ્થાપના :–** 1952માં આયોજન પંચની સલાહકારી સંસ્થા તરીકે, કેન્દ્રીય મંત્રીમંડળના આદેશ દ્વારા
- **સભ્યો :– હોદ્દાની રૂએ વડાપ્રધાન અધ્યક્ષ**

આ ઉપરાંત રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં સભ્ય તરીકે બધા જ કેબિનેટ મંત્રી બધા જ રાજ્યોના મુખ્યમંત્રી, બધા જ કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રી, વહીવટદારો તથા આયોજન પંચના સભ્યો હોય છે.

**કાર્ય : –** રાષ્ટ્રીય પંચવર્ષીય યોજના બનાવવા આયોજનપંચને મદદ કરવી
આયોજનપંચ દ્વારા બનાવવામાં આવેલી યોજના પર વિચાર કરવો.
વખતો વખર રાષ્ટ્રીય પંચવર્ષીય યોજનાના અમલીકરણની સમીક્ષા કરવી.

- **ક્ષેત્રીય પરિષદો :–** સંસદના કાયદા દ્વારા ક્ષેત્રીય પરિષદોની સ્થાપના, રાજ્ય પુનર્ગઠન આયોગ, 1956 દ્વારા ભારતના રાજ્ય ક્ષેત્રને 5 ક્ષેત્રોમાં વહેંચવામાં આવ્યું.

**5 ક્ષેત્રીય પરિષદો : –**

A. **ઉત્તર ક્ષેત્રીય પરિષદ –** હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, જમ્મુ–કશ્મીર, દિલ્હી, ચંદીગઢ.
B. **દક્ષિણ ક્ષેત્રીય પરિષદ –** આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, કેરલ, પુડૂચેરી.
C. **પૂર્વી ક્ષેત્રીય પરિષદ –** પશ્ચિમ બંગાળ, ઉડીસા, બિહાર.
D. **પશ્ચિમ ક્ષેત્રીય પરિષદ –** ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દીવ–દમણ, દાદરા અને નગર હવેલી.
E. **કેન્દ્રીય પરિષદ –** ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ

**આ ઉપરાંત 1971માં** સંસદ દ્વારા કાયદાથી અન્ય એક **"પૂર્વોત્તર પરિષદ"** ની રચના કરવામાં આવી

F. **પૂર્વોત્તર પરિષદ–** અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ, સિક્કીમ

**કેન્દ્રીય ગૃહમંત્રી** બધી જ ક્ષેત્રીય પરિષદોના **અધ્યક્ષ**

- **રાષ્ટ્રીય એકતા પરિષદ :– સ્થાપના : 1986**
  - તેમાં કેન્દ્રના મંત્રીઓ, રાજ્યના મુખ્યમંત્રીઓ, રાજકીયપક્ષના નેતાઓ, મહિલા પ્રતિનિધિઓ વગેરેનો સમાવેશ.
- **રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ : (National Human Rights Commission) 1993**
  - **સભ્યો :– અધ્યક્ષ:** સર્વોચ્ચ ન્યાયલયના નિવૃત મુખ્ય ન્યાયાધીશ
  - આ ઉપરાંત અન્ય સભ્યોમાં સર્વોચ્ચ ન્યાયાલયમાં કાર્યરત અથવા નિવૃત ન્યાયાધીશ, ઉચ્ચ ન્યાયલયના કાર્યરત અથવા નિવૃત ન્યાયધીશ, બે એવા સભ્યો જે માનવાધિકાર ક્ષેત્રમાં નિષ્ણાંત હોય તથા રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગના અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના અધ્યક્ષ અને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષનો પણ સમાવેશ હોય છે.
  - **કાર્યકાળ:** 5 વર્ષ અથવા 70 વર્ષ
  - **કાર્યો : –**

માનવાધિકારથી સંબંધિત વિભિન્ન આંતરરાષ્ટ્રીય સમજૂતિઓના અમલીકરણ માટે ભલામણ કરે છે.
માનવાધિકારોના અમલીકરણ માટે વિવિધ પ્રકારની ભલામણો કરે છે.
ન્યાયાલયમાં માનવાધિકાર સંબંધિત કાર્યવાહીમાં ન્યાયાલયની અનુમતિથી હસ્તક્ષેપ કરી શકે છે, જેલ અને કારાવાસમાં જઈ ત્યાંની સ્થિતિ અને માનવાધિકારોની સમીક્ષા કરી તે અંગે ભલામણો કરે છે.

Anamika Academy

- **રાષ્ટ્રીય મહિલા આયોગ : – 1992**
- સૌપ્રથમ અધ્યક્ષ: શ્રીમતિ **જયંતિ પટનાયક**

  અધ્યક્ષ ઉપરાંત આયોગમાં 5 અન્ય સભ્ય જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો એક સભ્ય
- **કાર્યો : –**

  મહિલાઓના કલ્યાણથી સંબંધિત બંધારણીય અને કાનૂની જોગવાઈઓના અમલીકરણની તપાસ

  કેન્દ્ર અને રાજ્ય સરકારોને મહિલાઓની સ્થિતિ સુધારવા વિવિધ ભલામણો કરવી.

  મહિલાઓના અધિકારોના ઉલ્લંઘન સંબંધી બાબતોમાં નોટિસ આપવી.
- **કાયદાપંચ (વિધિ આયોગ) (Law Commission ): - 1955**

  **સૌ પ્રથમ અધ્યક્ષ:** એમ.સી.શેતલવાડ
- **મુખ્ય કાર્યો : –**

  કાયદા સુધારણા અંગે ભલામણો કરવી.

  નવા કાયદા સંબંધિત રિપોર્ટ વખતો વખત કાયદા મંત્રાલયને સોંપવો.
- **રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગ (National Minority Commission) :- 1993**

  **મુખ્ય કાર્યો : –**

  સંઘ અને રાજ્યના અલ્પસંખ્યકોની પ્રગતિ અને વિકાસનું મૂલ્યાંકન કરવું.

  અલ્પસંખ્યકોના હિતોની રક્ષા અને તેમના વિકાસ માટે બંધારણ, સંસદ અથવા રાજ્ય વિધાન મંડળ દ્વારા કરવામાં આવેલ જોગવાઈઓના અમલીકરણની સમીક્ષા કરવી.

  કેન્દ્ર અને રાજ્ય સરકારને અલ્પસંખ્યકોના હિતોના રક્ષણ માટે ભલામણો કરવી.
- **કેન્દ્રય સતર્કતા આયોગ (Central Vigilance Commission) : - 1964**

  કે.સંથાનમ સમિતિની ભલામણથી રચના, 2003માં સંસદ દ્વારા કાયદાથી કાયદાકીય દરજ્જો આપવામાં આવ્યો.
- **સભ્ય સંખ્યા :** – એક મુખ્ય સતર્કતા કમિશ્નર અને વધુમાં વધુ બે અન્ય કમિશ્નર
- **કાર્ય:** – સરકારી સંસ્થાઓના અધિકારીઓ સામે ભ્રષ્ટાચાર અંગેની તપાસ કરી કાર્યવાહી કરે છે.
- **રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ : – 2007**

  **કાર્ય :–** બાળકોના અધિકારોનું સંરક્ષણ કરવું અને સંબંધિત કાયદાઓના યોગ્ય અમલીકરણનું નિરીક્ષણ
- **વહીવટી સુધારણા આયોગ : –**
- સૌપ્રથમ વહીવટી સુધારણા આયોગ ૫મી જાન્યુઆરી **૧૯૬૬**માં **મોરારજી દેસાઈ**ના અધ્યક્ષ પદે રચવામાં આવ્યું. બાદમાં મોરારજી દેસાઈ ના. વડાપ્રધાન બનતાં **કે. હનુમંથૈયા** અધ્યક્ષ બન્યાં.
- **૩૧ ઓગસ્ટ ૨૦૦૫**માં બીજા વહીવટી સુધારણા આયોગની સ્થાપના વીરપ્પા મોઈલીની અધ્યક્ષતામાં કરવામાં આવી.
- **કેન્દ્રીય અન્વેષણ બ્યૂરો (CBI):** – શરૂઆતમાં સ્પેશિયલ પોલિસ એસ્ટાબલિશમેંટ તરીકે લાહોરમાં ૧૯૪૧માં રચના બાદમાં **સંથનામ આયોગની ભલામણથી ૧ એપ્રિલ 1963માં દિલ્હી ખાતે સ્થાપના,** કેન્દ્રીય ગૃહમંત્રાલયના આદેશથી કરવામાં આવી હતી. CBI કાયદા દ્વારા સ્થપાયેલી સંસ્થા નથી. તે કેન્દ્ર સરકારની મુખ્ય એજન્સી છે જે રાજ્ય–વહીવટના ભ્રષ્ટ્રાચારની રોકથામ અને ઈમાનદારી બનાવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

  **સૂત્ર (motto) : -** મહેનત, નિષ્પક્ષતા તથા ઈમાનદારી

Anamika Academy

- **કેન્દ્રીય સૂચના આયોગ (Central Information Commission): -**

  માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 અંતર્ગત સ્થાપના આમ, તે એક કાયદાકીય સંસ્થા છે, બંધારણીય નથી. તેમાં એક મુખ્ય સૂચના અધિકારી અને 10 અન્ય સૂચના અધિકારીઓ હોય છે. જેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા વડાપ્રધાન, લોકસભાના વિપક્ષના નેતા અને કેન્દ્રીય મંત્રીની બનેલ સમિતિ દ્વારા થાય છે. મુખ્ય અને અન્ય સૂચના અધિકારીનો કાર્યકાળ 5 વર્ષ અથવા 65 વર્ષ હોય છે.

---

## લોકપાલ

- વિશ્વમાં સૌપ્રથમ **૧૯૦૮**માં **સ્વીડન**માં **એમ્બ્યુડસમેન** નિમણૂક
- ભારતમાં **૧૯૬૩**માં લોકપાલ શબ્દનો સૌપ્રથમ પ્રયોગ: **લક્ષ્મીમલ સિંઘવી**
- ત્યારબાદ તત્કાલીન કાયદા પ્રધાન **અશોકકુમાર સેન** દ્વારા સંસદમાં સૌપ્રથમ રજુઆત
- **૧૯૬૬**માં **મોરારજી દેસાઈ**ની અધ્યક્ષતામાં મળેલા **પ્રથમ વહીવટી સુધારણા પંચે ભલામણ** કરી.
- ઇંદિરાગાંધીની સરકારમાં ૧૯૬૮માં પ્રથમ જન લોકપાલ બિલ શાંતિભૂષણ દ્વારા રજુ થયુ, જે ૧૯૬૯ની ચોથી લોકસભામાં પસાર, પરંતુ રાજ્યસભામાં પસાર થયું નહિં. ત્યારબાદ રાજીવ ગાંધી, વી.પી.સિંહ, એચ.ડી. દેવગૌડા, અટલ બિહારી વાજપેયી વગેરેની સરકારો દ્વારા પસાર કરવાનો પ્રયત્ન.
- શ્રી અન્ના હજારેની લડત બાદ ડૉ. મનમોહન સિંહની સરકાર દ્વારા લોકસભા અને રાજ્યસભામાં પસાર
- અંતે ૧લી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૩ અમલમાં આવ્યો. આ કાયદા દ્વારા દરેક રાજ્યમાં લોકાયુક્તની નિમણૂક ફરજિયાત બની.

---

## લોકાયુક્ત

- ભારતમાં લોકાયુક્ત અંગે સૌપ્રથમ કાયદો બનાવનાર રાજ્ય: **ઓડિશા, ૧૯૭૦**
- ભારતમાં લોકાયુક્તની સૌપ્રથમ નિમણૂક કરનાર રાજ્ય: **મહારાષ્ટ્ર,૧૯૭૧**
- ભારતમાં સૌથી સશક્ત લોકાયુક્ત ધરાવતું રાજ્ય: **કર્ણાટક, ૧૯૮૫**
- ભારતમાં સૌથી નબળા લોકાયુક્ત ધરાવતું રાજ્ય: **મહારાષ્ટ્ર**
- ગુજરાતમાં લોકાયુક્તની સૌપ્રથમ નિમણૂક: **ડી.એચ. શુક્લ,** ૧૯૮૬ના કાયદા મુજબ ૧૯૮૮માં

---

## રાઈટ ટુ રિજેક્ટ

- ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ ભારતના ઉચ્ચતમ ન્યાયાલયે ભારતના નાગરિકોને ચૂંટણીમાં રાઈટ ટુ રિજેક્ટ નો અધિકાર આપવાનો આદેશ કર્યો. ભારતમાં **૨૦૧૪માં સૌપ્રથમ વાર લોકસભાની** ચૂંટણીમાં મતદારો દ્વારા સૌપ્રથમ NOTA (none of the above)નો ઉપયોગ કરવામાં આવ્યો. જો આવા મતોની સંખ્યા ૩૦%થી વધુ હશે તો ફરીવાર ચૂંટણી કરવી પડશે.

---

## રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ

- **National Judicial Appointments Commission Bill, 2014** મુજબ ભારતની કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક માટે **કોલેજિયમ સિસ્ટમ** સમાપ્ત કરી રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ વિધેયક પસાર કરવામાં આવ્યું. પરંતુ સર્વોચ્ચ અદાલત દ્વારા રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગથી સંલગ્ન **૯૯મા બંધારણીય સુધારાને** બંધારણના મૂળભૂત માળખાની વિરુદ્ધનું ગણાવી રદ્દ કરવામાં આવેલ છે.

Anamika Academy